આપણા પ્રતાપી મહાનુભાવો-૩

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

: લેખક :

(૧) પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

(૨) કાન્તિલાલ ર.ગાંધી-અમદાવાદ

(૩) પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

(૪) બિપિનબિહારીદાસ-સુરત

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

	વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮)	ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯)	ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦)	ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧)	ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨)	એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩)	ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪)	ભક્તિવર્ધિની ભાગ-૨	વજેશ્વરી શિબિર	૨	૪૦
૧૫)	ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬)	ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭)	ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮)	વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯)	સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦)	યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧)	વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૮	૧૬૦
૨૨)	ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩)	નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪)	રાસપંચાધ્યાચી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫)	ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦
૨૬)	દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭)	યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮)	ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯)	સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦)	નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧)	ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨)	કીર્તન-ભાવાર્થ શિબિર -૧- ૨-૩	અમદાવાદ શિબિર	૬	૧૨૦
૩૩)	સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪)	સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫)	સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬)	ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭)	ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮)	પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯)	ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦)	સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧)	ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨)	શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩)	વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪)	ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫)	વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬)	ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭)	ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮)	પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯)	અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦)	પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧)	અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨)	ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩)	વેણુગીત-૨	રાજકોટા ક્લાસ	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

આપણા પ્રતાપી મહાનુભાવો-૩

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

: લેખક :

(૧) પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

(૨) કાન્તિલાલ ર.ગાંધી-અમદાવાદ

(૩) પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

(૪) બિપિનબિહારીદાસ-સુરત

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા -

શ્રીમતી જ્યોત્સનાબેન કનુભાઈ કોટિયા વડોદરા તથા પરિવારના તેમજ
સ્નેહલતાબેન ચન્દ્રકાન્ત શાહ-રેસકોર્સ-વડોદરા તથા પરિવારના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૫૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

અનુક્રમણિકા

પૃષ્ઠ

(૧) નિ.લી.ગો.શ્રીયોગી ગોપેશ્વરજી મહારાજ (નાથદ્વારા) ૫-૮
લેખક : પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

(૨) નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજ (રાજનગર-અમદાવાદ) ૯-૧૪
લેખક : કાન્તિલાલ ર.ગાંધી-અમદાવાદ

(૩) નિ.લી.ગો.૧૦૮ શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી સુરત ૧૫-૨૬
લેખક : પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી

(૪) નિ.લી.ગો.૧૦૮ શ્રીગોવિન્દરાયજી મહારાજશ્રી સુરત ૨૭-૩૬
લેખક : બિપિનબિહારીદાસ -સુરત

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **'આપણા પ્રતાપી મહાનુભાવો-૩'** પુસ્તિકા કે જેમાં આ સમ્પ્રદાયના પ્રતાપી આચાર્યોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવ્યો છે તે પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૦ તથા ૪૦ થી ઉપર વયસ્કોની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ મુકામે (૧૭ મે થી ૨૩ મે ૨૦૧૨) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આજથી ૧૨ થી ૧૮ વર્ષ પૂર્વના સમયમાં અમારા દ્વારા સમ્પાદિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત 'આચાર્ય શ્રીવલ્લભ' ગુજરાતી માસિકપત્રમાં સ્તમ્ભરૂપે આ વિષય આપવામાં આવતો હતો અને તેનું લેખન અમદાવાદના શ્રીકાન્તિલાલ ગાંધી દ્વારા કરવામાં આવતું હતું. તે અંકોમાંથી ઉદ્ધૃત કરીને તે પૈકીના કેટલાક આચાર્યોના પરિચયો આ પુસ્તિકામાં આપવામાં આવ્યાછે.

આ પ્રકાશનનાં કાર્યમાં શ્રીમતી જ્યોત્સનાબેન કનુભાઈ કોટિયા-વડોદરા તથા શ્રીસ્નેહલતાબેન ચન્દ્રકાન્ત શાહ-વડોદરાએ ઉદારતાથી શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં દ્રવ્યવિનિમય કર્યો છે તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ**,સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

આપણા પ્રતાપી મહાનુભાવો-૩

(૧) નિ.લી.ગો.શ્રીયોગી ગોપેશ્વરજી મહારાજ-નાથદ્વારા.

લેખક : પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

શ્રીગુસાંઈજી પ્રભુચરણના સાત બાળકોના સાત ઘર અલગ થયા. તેમાં દ્વિતીયપુત્ર શ્રીગોવિન્દરાયજીનું દ્વિતીય ગૃહ કહેવાયું. આપશ્રીના ભાગમાં શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુનું સ્વરૂપ આવ્યું અને ત્યારથી તે સ્વરૂપ દ્વિતીયગૃહનિધિ તરીકે પ્રસિદ્ધ થયું તેમજ શ્રીગોવિન્દરાયજી દ્વિતીય ગૃહના પ્રથમ તિલકાયત થયા. શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પ્રથમ એક સાધુને ગંગાજીમાંથી પ્રાપ્ત થયું હતું. ચરણાટમાં શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય સમયે આ સાધુએ શ્રીમહાપ્રભુજી પાસે આવીને આપશ્રીને પધરાવી આપ્યું હતું. ત્યારબાદ આ સ્વરૂપ શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગૃહે બિરાજ્યું અને શ્રીગુસાંઈજીએ શ્રીગોવિન્દરાયજીને પધરાવી આપ્યું. ત્યારબાદ આ સ્વરૂપ કેટલોક વખત (સં.૧૬૩૭થી) કોટામાં બિરાજ્યું અને ત્યાંથી શ્રીહરિરાયજી મહાપ્રભુએ પ્રભુને શ્રીનાથદ્વારા પાસે ખિમનોરમાં પધરાવ્યા. શ્રીનાથદ્વારમાં શ્રીવિઠ્ઠલનાથજી પ્રથમ પધાર્યા છે અને ત્યારબાદ શ્રીશ્રીનાથજી આ સ્થાને પધાર્યા છે. શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ ગૌરશ્યામ છે અને બન્ને શ્રીહસ્ત કટિ પર છે. સંયોગ અને વિપ્રયોગ અથવા ઉજ્જવલ અને શ્યામ આમ બે પ્રકારની રસની સ્થિતિ પોતાનાં સ્વરૂપમાં બતાવવા કૃપાનિધિ શ્રીવિઠ્ઠલનાથપ્રભુ ગૌરશ્યામ છે. દ્વિતીય ગૃહમાં શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી જેવા સમર્થ પ્રતાપી મહાનુભાવોનું

પ્રાકટ્ય થયું છે. એ જ પરંપરામાં એવા જ પ્રતાપી યોગી શ્રીગોપેશ્વરજી હતા.

શ્રીયોગી ગોપેશ્વરજી દ્વિતીયગૃહના નવમા તિલકાયત હતા. આપશ્રીના પિતૃચરણનું નામ શ્રીગોકુલોત્સવજી હતું. આપશ્રીનું પ્રાકટ્ય વિ.સં.૧૮૩૬માં થયું હતું. આપશ્રીને બે લાલજી થયા જેમાં શ્રીકલ્યાણરાયજી એ આપશ્રી પછી દ્વિતીયગૃહને શોભાવ્યું હતું.

આપશ્રી ખૂબ જ સેવા રસિક હતા. ચિત્તનું પ્રભુમાં પરોવાઈ જવું તે સેવા છે. એમ શ્રીવલ્લભાધીશે કહેલું છે તે સાચે જ આ સૂત્રનું ચરિતાર્થપણું શ્રીગોપેશ્વરજીમાં હતું. આપશ્રીની દૈનિક દિવ્યચર્યા વિલક્ષણ જ હતી, મહા ગંભીર અવસ્થામાં જ આપશ્રી રહેતા હતા, કોઈની પણ સાથે કામ વગરનો મિથ્યા વાર્તાલાપ આપશ્રીએ કદીયે કર્યો જ નહતો તેથી આપશ્રીને સૌ યોગીના નામે જ ઓળખતા હતા.

પંડિત પુરંદર શ્રીપુરુષોત્તમજી પછી સમ્પ્રદાયના વિદ્વાન આચાર્યોમાં શ્રીગોપેશ્વરજીનું નામ મોખરે આવે છે, અણુભાષ્ય પર વિવરણ નામની ટીકાના રચયિતા કાશીના ગો.શ્રીગિરિધરજી મહારાજ પણ પ્રાયઃ આપના સમકાલીન હતા. શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તના આધારે વિદ્વત્તાભર્યું ઘણું સાહિત્ય આપશ્રીએ સર્જ્યું છે જેમાં વેદભાષ્ય, બુભુત્સુબોધિકા, ભક્તિમાર્તંડ તથા અણુભાષ્ય પર શ્રીપુરુષોત્તમજીના ભાષ્યપ્રકાશ ઉપર ભાષ્યપ્રકાશ રશ્મિ ટીકા ઉલ્લેખનીય છે. અણુભાષ્યના ટીકાકાર અને પ.ભક્ત કવિશ્રીદયારામભાઈને પુષ્ટિમાર્ગીય જ્ઞાન આપનારા શ્રીઈચ્છારામ ભટ્ટજી આપશ્રી પાસે ભાષ્ય શ્રવણાર્થે આવતા હતા.

આપશ્રીનો પોતાના સમકાલીન શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ (વાદ) થયો હતો અને તેમાં આપનો ભવ્ય વિજય થયો હતો જેના પુરાવા રૂપે આજે પણ શ્રીનાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીના મન્દિરમાં તે શંકરાચાર્યનાં

ચિહ્નો છત્ર, ચમર, ઝંડો, છડી વગેરે મોજુદ છે કે જે શંકરાચાર્યે પોતાનો પરાજય થતાં તે હિસાબે શ્રીગોપેશ્વરજીને આપ્યા હતા. (આ શંકરાચાર્ય કયા ? તેનો ચોક્કસ ઉલ્લખ મળતો નથી). આપશ્રીમાં અગાધ પાંડિત્ય હતું એ આપશ્રીના આકરગ્રન્થો તેમજ ઉપર જણાવ્યા મુજબ જેવા પ્રસંગોથી એ સ્પષ્ટ જાણી શકાય છે.

આપશ્રીના જીવનનો એક અપૂર્વ પ્રસંગ અત્રે ઉલ્લેખનીય છે- દરરોજ નિત્ય નિયમ મુજબ આપશ્રી સાંજના સમયે વૈષ્ણવોમાં વચનામૃત કરતા હતા. એક દિવસની વાત, આપશ્રી પોથી લઈ કથા કરી રહ્યા હતા એવામાં જ શ્રીવિઠ્ઠલનાથજીના મન્દિરની બહાર એક મોટો વિશાળકાય વાઘ આસપાસના ડુંગરોમાંથી ગામમાં આવી ચઢ્યો અને શ્રીવિઠ્ઠલનાથજીના મન્દિરની બહાર આવી ઊભો થઈ ગયો. તે વખતે આપશ્રી કથા તો મન્દિરના અંદરના ભાગે કરી રહ્યા હતા તેથી સાંભળવા બેઠેલા વૈષ્ણવોને તો વાઘ આવ્યાની ખબર પડી નહીં નહીંતર બધામાં નાસભાગ મચી જતે. પણ તે વખતે અચાનક આપશ્રીએ વચમાં જ અરે! અરે ! હટ ! હટ ! એમ બોલતાં પોથી વાળી ચોકી પર હાથ પછાડ્યો અને કૂતરા-બિલાડીને ભગાડતા હોઈએ તેવો અવાજ કર્યો. આમ તેમ જોતાં વૈષ્ણવોને કંઈ ખબર પડી નહીં કે આપશ્રીએ આમ કેમ કર્યું હશે. શ્રોતાજનોએ આશ્ચર્યથી આપશ્રીને પૂછ્યું જે-જે આપ આમ આ શું કરી રહ્યા છો. પણ આપશ્રી ઉત્તર આપે તે પહેલા જ મન્દિરનો એક સેવક હાંફળો-હાંફળો દોડતો આવ્યો અને બધા સાંભળી શકે તે રીતે તેણે આપશ્રીને વિનન્તી કરી કે જય જય ! મન્દિરની બહાર હમણાં એક મોટો વાઘ આવ્યો હતો અને મંદિરની બહાર થોડી વાર ઊભો રહી આપોઆપ નાસી ગયો. આ સાંભળી હવે બધાને ખ્યાલ આવી ગયો કે હટ-હટ કહી આપશ્રીએ ચોકી પર હાથ કેમ પછાડ્યો હતો. શ્રોતાજનો સમજી ગયા અને આપશ્રી મહાપ્રતાપી છે તેનો સૌને ખ્યાલ આવી ગયો.

આવા વિદ્વાન, પ્રતાપી તેજસ્વી, ભગવત્સેવાપરાયણ, ત્યાગી, ભક્તિરસ પરિપૂર્ણ ચિત્તવાળા, ભક્તિનો ઉપદેશ આપી જીવોને ભગવદભિમુખ કરનારા આચાર્યવર્ય દ્વિતીય ગૃહાધીશ નિ.લી.પૂ.પા. ગોસ્વામી ૧૦૮ શ્રીયોગી ગોપેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ.

* * *

(૨) પૂ.પા. નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજ–રાજનગર (અમદાવાદ)

લેખક : કાન્તિલાલ ર.ગાંધી–અમદાવાદ

પૂજ્યપાદ નિ.લી.ગો.શ્રી૧૦૮ શ્રીરણછોડલાલજી મહારાજશ્રી (રાજનગરવાળા-અમદાવાદ)નું પ્રાકટ્ય સંવત ૧૯૫૦ના પોષ વદ અગિયારસના દિવસે રાજનગરના આંગણે થયું હતું. અમદાવાદના ઐતિહાસિક પવિત્ર સ્થાનમાં આચાર્યશ્રીને ત્યાં પ્રાદુર્ભાવ થયેલો એટલે આનંદનો મહેરામણ ઉમટ્યો હતો. સંપ્રદાયના દરેક શતકમાં જે શ્રીવલ્લભકુળના વંશજોનાં પ્રાકટ્યો થયાં છે તેમાં પૂ.પા. શ્રીરણછોડલાલજી મહારાજશ્રીએ વીસમી સદીને ચિરસ્મરણીય બનાવી છે. નિ.લી.ગો.શ્રીવ્રજરાયજીએ આપશ્રીનું સ્વરૂપ જાણ્યું, અનુભવ્યું, તે પછી આ સ્વરૂપનાં પ્રાકટ્યમાં નિમિત્તરૂપ પિતા નિ.લી.ગો. શ્રીમધુસૂદનલાલજી પાસેથી આ દિવ્ય બાલક નિ.લી.શ્રીવ્રજરાયજીએ માંગી લીધું. નિ.લી.શ્રીરણછોડલાલજી મહારાજશ્રીનો અગિયારમે વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર થયો. નિ.લી.શ્રીવ્રજરાયજી મહારાજે બ્રહ્મસંબન્ધ દીક્ષા આપીને સેવામાં નિયુક્ત કર્યો એટલું જ નહીં પણ આપશ્રીના જીવન ઘડતરમાં સંપ્રદાયના સિદ્ધાન્તો, સેવા પ્રકાર, આચાર-વિચારો આદિ દિવ્ય શિક્ષાના સંસ્કાર સિંચવામાં આવ્યા. વેદાધ્યયન, વ્યાકરણ અને સાહિત્યનો અભ્યાસ પણ શરૂ થયો. પોતાના કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શાખાના વેદનું આવશ્યક અધ્યયન સ્વર સાથે શુદ્ધોચ્ચારણપૂર્વક મહારાજશ્રીએ લીધું. વેદ, ગીતા, ઉપનિષદો, બ્રહ્મસૂત્રો, શ્રીમદ્ભાગવત વગેરેનો પાઠ તથા સંધ્યાદિ ષટ્કર્મ વગેરે બહુ જ શ્રદ્ધાપૂર્વક આપશ્રી કરતા

હતા. બ્રહ્મભોજન તથા દાન-દક્ષિણા આદિમાં દ્રવ્ય વ્યય કરતા પાછું વાળીને જોતા નહીં. એ રીતે વર્ણાશ્રમ મર્યાદાનું સંપૂર્ણ પાલન કરનાર બ્રાહ્મણના તેજઃ પુંજ જેવા એ પુનીત આચાર્યશ્રીને સનાતની જનતા કદી નહીં ભૂલે.

પૂ.પા.નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજશ્રી ઉચ્ચ કોટીના વકતા કે વિદ્વાન ન હતા. પણ જીવનમાં જે ઉચ્ચકોટીના દિવ્ય ગુણોનો વિકાસ સાધવો જોઈએ તે મહારાજશ્રીએ સંપૂર્ણ સાધ્યો હતો. બ્રાહ્મણત્વ, આચાર્યત્વ, ધર્મગુરુત્વ વગેરેને શોભાવે તેવા સર્વગુણોના ભંડાર તેઓશ્રી હતા.

ગૃહસ્થાશ્રમી અને ભૌતિક દૃષ્ટિએ દુન્યવી સંપત્તિના ભંડાર છતાં ઝળહળતા સંયમાગ્નિના સ્વરૂપે દર્શન આપતા હતા. ભૂષ, તરસ, નિદ્રા, વગેરે દેહધર્મોને આપશ્રીએ સ્વાધીન કરી લીધા હતા. એકાદશીનાં વ્રતો વખતે ત્રીસ ત્રીસ કલાકો સુધી જળ લેતા નહીં. રોજ ભોજન માત્ર એકવાર સાંજે કરતા. સેવા પછી નિત્ય નિયમ એટલો વધારી દીધો હતો કે છેલ્લાં વર્ષોમાં તો ભોજન સાંજે યા રાત્રે કરતાં. આળસ, વિકાર, વાસના આદિને નોતરે તેવું ભોજન આપશ્રી કદીયે કરતા નહિ. સેવામાં પધારે ત્યારે કલાકોના કલાકો સુધી સંયમ પાળતા. સેવાધર્મ તો મહાન આકરામાં આકરો યોગ છે. આચારોના કડક બંધનોથી બંધાયેલો સેવા-પ્રકાર છે. અધોવાયુ તથા લઘુશંકા સમયે ફરી ઠંડીમાં સ્નાન કરવુ પડે તો પણ કરતા હતા. આવા આકરા સૂક્ષ્મમાં સૂક્ષ્મ આચારોનું પાલન કરતાં તેઓશ્રીએ દૈહિક સુખ-દુઃખોની ક્યારેય પરવા કરી ન હતી.

અષ્ટાક્ષર મહામંત્રના એ મહાન જપયોગી હતા. શ્વાસે-ઉચ્છ્વાસે શ્રીકૃષ્ણને સમરે એ શ્રીદયારામભાઈનું વર્ણવેલું વૈષ્ણવત્વનું લક્ષણ મહારાજશ્રીના જીવનમાં ઝળહળતું હતું. મહારાજશ્રી જ્યારે પોઢેલા હોય, નસકોરા બોલતા હોય, ત્યારે પણ અષ્ટાક્ષર એમના મુખે

શ્વાસે શ્વાસે સંભળાતા હતા. સેવા અને સ્મરણના તો તેઓશ્રી મહાન યોગેશ્વર હતા.

આપશ્રી વ્રજભાષાના એક ઉત્તમ જ્ઞાતા હતા અને કીર્તન સાહિત્યના મર્મજ્ઞ હતા. રાગ રાગિણીનું જ્ઞાન ધરાવનારા તથા સુમધુર સુંદર સ્વરથી કીર્તનો ગાનાર તરીકે મહારાજશ્રી ચિરસ્મરણીય રહેશે. બારેમાસના જન્મોત્સવો વગેરેમાં પોતે કીર્તનો કરતા અને વૈષ્ણવો પાસે કીર્તનો કરાવતા. આપશ્રીએ નિજ માતાજી પાસેથી શ્રીદયારામભાઇના સેંકડો પદો સાંભળેલાં, તે બધાંયે આપશ્રીને યાદ રહેતાં. જે પદ, ધોળ કે ગરબીના રાગો નહીં બેસે તે આપ તાલ-સ્વર સાથે બેસાડી દેતા હતા. ધોળ પદોના મહાન સંગ્રહમાંથી કયું ધોળપદ કોનું કરેલું છે તે આપશ્રી જાણતા હતા. વ્રજ અને ગુજરાતી ભક્તિ સાહિત્યના આપ નિધિ હતા. ગોપાળદાસનું વલ્લભાખ્યાન આપશ્રીને કંઠસ્થ હતું. અને શ્રીયમુનાજીના ૪૧ પદો, મૂળપુરુષ, એ આપશ્રીના નિત્ય નિયમમાં હતા.

આપશ્રીનું અંગત જીવન ખૂબ જ સંયમિત અને સાદાઇથી વણાયેલું હતું. બાર માસમાં પચાસ રૂપિયા જેટલું સાધારણ ખર્ચ હતું. જે અન્યો માટે બોધ લેવા જેવું છે. સાદામાં સાદા થોડાં વસ્ત્રોથી આપ ચલાવી લેતા. ઉષ્ણકાળમાં એક ધોતીયું અને એક ઉપવસ્ત્ર એ જ આપશ્રીનો પોષાક હતો. પરભાષા, પરભૂષા અને પરવેશ એ ત્રણેનો બહિષ્કાર કરવાની આચાર્ય શ્રીવલ્લભની આજ્ઞાનું પાલન છેવટ સુધી કર્યું હતું. વૃથા આલાપ, વૃથા ક્રિયા, વૃથાધ્યાન એ ત્રણેનો ત્યાગ આપશ્રીએ કરીને આચાર્યત્વને દીપાવ્યું હતું. આવા સંયમનો પ્રતાપ પણ એવો હતો કે વૈષ્ણવોમાં આપશ્રી સિદ્ધ પુરુષ તરીકે ઓળખાતા હતા. આપશ્રીના વચનસિદ્ધિનાં અનેક દૃષ્ટાંતો જોવાં મળે છે.

સંપ્રદાયમાં ગુરુનો જે ભાવ-આદર્શ શ્રીમદ્ વલ્લભાધીશે બતાવ્યો છે તે સંપૂર્ણ રીતે મહારાજશ્રીનાં જીવનમાં પ્રકાશતો હતો. કૃષ્ણસેવા પરાયણતા જીવનના છેલ્લા શ્વાસ સુધી દેખાડી હતી. છેલ્લા દિવસોમાં આઠ દિન સુધી સેવા નહીં થઇ શકી તો ભોજન પણ બંધ કરીને અનશનવ્રત લીધું હતું. દંભ વિનાના દીનતાના સાક્ષાત્ સ્વરૂપ આપશ્રી હતા. શ્રીમદ્ ભાગવતના તત્ત્વજ્ઞાની જ નહિ પણ તેને જીવનમાં ઉતારનારા મહાપુરુષ હતા. વિદેશી દવાને કદી પણ લેતા નહીં. આપશ્રી પતિતપાવન હતા. કેટલાય પતિતોનો ઉદ્ધાર કરનારા હતા. ગમે તેવા ગરીબ વૈષ્ણવને પિતા જેવા પ્રેમથી બોલાવતા અને તેની ખબર રાખતા. એકવાર જેને જોયો હોય તેને પચીસ વર્ષે પણ ભૂલતા નહિ, આપશ્રીની અવધારણા શક્તિ અદ્ભુત હતી. આપશ્રી સેવકોના પરિવારની ખબર અંતર પૂછતા અને હિતચિંતક રહેતા. સેવકોને પણ ખોટું લાગે એની ચિંતા કર્યા વિના સ્પષ્ટ વાત કહી દેતા અને સાચી સમજશક્તિ આપતા.

આપશ્રીએ ગાયો અને બ્રાહ્મણોનું પાલન કરવું એ સ્વધર્મ માન્યો હતો. કોઈ પણ બ્રાહ્મણ પોતાનાં આંગણેથી ભૂખ્યો નહીં જાય એનો સતત ખ્યાલ રાખતા હતા. અને આદર કરતા હતા તેમજ કન્યાદાન અને ગુપ્તદાન વડે સહાય કરતા. વિદ્યાદાન માટે પણ આપશ્રી સદાય સક્રિય રહેતા હતા. સર્વ તરફ નિર્દોષ દૃષ્ટિ રાખવા સૂચન કરતા અને વારંવાર કહેતા કે શ્રીમહાપ્રભુજીનો અંશ અને શ્રીગુસાંઇજીના વંશ એ વિના બીજું કશું જોશો નહીં.

પ્રાચીન ઈતિહાસો, દંતકથાઓ, વાર્તાઓ, ભાવનાઓ, વગેરેના આપશ્રી અજોડ જ્ઞાતા હતા. પ્રાચીન પ્રણાલિકાઓના પૂર્ણ આગ્રહી હતા. સંપ્રદાયની અસંખ્ય જાણવા જેવી વાર્તાઓ સંભળાવી એની સેવાભાવનાઓનું સ્પષ્ટીકરણ કરતા હતા.

પુષ્ટિમાર્ગના ઊંડા અભ્યાસી અને પરમ ભગવદીય વૈષ્ણવ નાગરદાસ કાકા (શ્રીબાંમણિયા) આપશ્રીના અંતરંગ સેવક હતા. તેઓશ્રી આપશ્રીના સ્વરૂપ વિષે લખે છે કે શ્રીમહાપ્રભુજીએ પોતાના ચોર્યાસી

વૈષ્ણવો અને શ્રીગુસાંઈજીએ પોતાના બસો બાવન વૈષ્ણવોને જે સ્વરૂપાનુભવ કરાવેલો એવો જ સ્વરૂપાનુભવ શ્રીરણછોડદાસપ્રભુએ મને કરાવેલો. શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી એ ચારે સ્વરૂપોનો સાક્ષાત્ અનુભવ આપે આપના સ્વરૂપમાં કરાવેલો. આ અતિવિપરીત કરાલ કલિકાલમાંયે એક પામર જીવ પર કૃપા કરી હાથ ઝાલે એટલું જ નહીં પણ ભગવદ્‌લીલાનો અનુભવ કરાવે એ વાત જ્યારે જ્યારે મને યાદ આવે છે ત્યારે મારું મન ચક્રાવે ચઢી જાય છે અરે, આવા કલિયુગમાં આવું સંભવે ? પુષ્ટિમાર્ગમાં બધુ સંભવે-પુષ્ટિમાર્ગમાં કાલનું કશું ચાલતું નથી. જાત અનુભવ ન થયો હોત તો મારા માનવામાં આ આવત જ નહીં - શ્રીનાગરદાસભાઈ જેવા શિક્ષિત અને પુષ્ટિમાર્ગના મર્મજ્ઞની આ વાત નહીં માનવાને કોઈ કારણ નથી.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજમાં શ્રીરણછોડપ્રભુને રાજનગરવાળા (અમદાવાદ) તરીકે ઓળખે છે. પરંતુ શ્રીવલ્લભકુળના બાળકો તો એ સમયે આપશ્રીને શ્યામુબાવા કે શ્યામુદાદા એ પ્રકારના વહાલસોયા નામે આપશ્રીને ઓળખતાં હતાં.

‘આપ સેવા કરી શીખવે શ્રીહરિ’ એ વલ્લભાખ્યાનની પંક્તિને આપશ્રીએ જીવનમાં ચરિતાર્થ કરી બતાવી હતી. આ તો કરી દેખાડવાનો માર્ગ છે, કહી દેખાડવાનો નહીં, કહી દેખાડવાનો માર્ગ એ મર્યાદા, કરી દેખાડવાનો માર્ગ એ પુષ્ટિ. સેવા અને સ્મરણ એ આપનો સતત વ્યવસાય હતો. હાથથી કામ અને નામ એ આપશ્રીનું પરમ સૂત્ર આવા ભાવમગ્ન છતાં વ્યવહારમાં એટલા જ ચતુર સત્સંગના પણ આપશ્રી એટલા જ આગ્રહી છતાં આપશ્રીની ભગવદ્‌વાર્તા વહેલી સવારે ચાર વાગે પૂરી થાય. કોઈ પણ પ્રશ્ન પૂછો, ભાવનો કે શાસ્ત્રનો તરત જ સચોટ ખુલાસો. તેમ છતાં દીનતાના સાગર, સ્નેહના સમુદ્ર શ્રીસર્વોત્તમજીના **‘सर्वलक्षण–संपन्नः’** એ ગુણનો પ્રકટ અનુભવ કરાવતા હતા.

આપશ્રી નમ્રતા, સરળતા ને ભાવનાનું મૂર્તિમંત દિવ્ય સ્વરૂપ હતા. આર્ય સંસ્કૃતિની ઝળહળતી જ્યોતિરૂપ અને ભક્તિમાર્ગના આચાર્ય સમ્રાટ હતા. આપશ્રીના ભૂતલ ત્યાગના સમાચાર સંવત ૨૦૦૯ ના પોષ સુદ ૧૪ ના કારમા દિવસે મહાગુજરાતના પાટનગરની જનતાએ ધરતીકંપના આંચકાની જેમ સાંભળ્યા. રાજનગરના નાગરિકો આભા બની ગયા ને આંખો અશ્રુભીની બની ગઈ અને વૈષ્ણવોમાં હાહાકાર પ્રસરી ગયો. આવા પરમ તેજસ્વી શ્રીવલ્લભકુલકમલદિવાકર શ્રીરણછોડ પ્રભુને શત-સહસ્ર દંડવત્ પ્રણામ.

* * *

(૩) પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી-સૂરત

લેખક : પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

આચાર્યવર્ય-ગુરુવર્ય-પિતામહચરણ **પૂ.પા.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)** ના શતાબ્દિ વર્ષ પ્રવેશના મંગલમય અવસરે આપશ્રીના પવિત્ર શ્રીચરણકમલોમાં સાદર સહસ્ર લક્ષ કોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નિવેદન કરતાં હું અપાર આનન્દ અનુભવી રહ્યો છું. જો હું ભૂલતો ન હોઉ તો શ્રીઆચાર્યચરણથી લઈને અદ્યાવધિ પર્યન્તમાં શતાબ્દિ વર્ષ પ્રવેશનો શ્રીવલ્લભકુલમાં આ ત્રીજો અવસર છે.

આ શુભ અવસર માત્ર સુરતના ગૃહ માટે જ નહીં, માત્ર પુષ્ટિસમ્પ્રદાય માટે જ નહિ અપિતુ સમગ્ર સનાતન ધર્માવલમ્બી જગતને માટે ઐતિહાસિક અને મહત્ત્વપૂર્ણ છે. આપશ્રીએ હિન્દુધર્મ અંગેના મહત્ત્વપૂર્ણ વિષયોમાં તે સમયની બ્રિટીશ સરકાર સામેની લડતમાં સનાતન ધર્માવલમ્બી પ્રજામાં સર્વ સમ્પ્રદાયોના આચાર્યો-વડાઓ વગેરે સાથે રહી અનેક વખત દરેક પ્રકારે પોતાનું ઘણું મોટું યોગદાન આપ્યું છે અને તેનાથી તે સમયના સર્વ સમ્પ્રદાયોના આચાર્યો, વડાઓ, સાધુ-સન્તો, સંન્યાસીઓ વગેરેની વચમાં ખૂબ જ આદરપૂર્ણ-અહોભાવયુક્ત સ્થાન પ્રાપ્ત કર્યું છે એ આપનો ઝળહળતો યશ આજે પણ જોઈ-અનુભવી શકાય છે.

પુષ્ટિસમ્પ્રદાયના ક્ષેત્રે પણ પ્રાચીનકાળમાં (આજથી ૭૦ વર્ષ પૂર્વ) સમ્પ્રદાય પર અન્ય સમ્પ્રદાયના વડા દ્વારા અનૈતિક આક્રમણ કરવામાં આવ્યું હતું અને જે બ્રાહ્મણ ગળામાં તુલસીકાષ્ઠની કંઠી પહેરે કે લલાટે ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે અને પોતાને વૈષ્ણવ જાહેર કરે તેને બ્રાહ્મણ જ્ઞાતિમાંથી બહાર મૂકવા સુધીનું અભિયાન ચલાવી સમ્પ્રદાયને જમીનદોસ્ત બનાવવાનું ષડ્યંત્ર આરંભાયું હતું ત્યારે સમ્પ્રદાય તરફથી ભારે લડત આપવા અને જગ્યાએ-જગ્યાએ એ સમ્પ્રદાયના આચાર્ય જ્યાં પણ જે પણ ગામમાં જાય ત્યાં-ત્યાં સત્ય સિદ્ધાન્ત સામે લાવવામાં આ સમ્પ્રદાયના જે કેટલાક વિદ્વાનો મરણિયા બની જહેમત ઉઠાવી રહ્યા હતા તેમાં એમને પ્રેરણા, બળ, ઉત્સાહ આપી સર્વ પ્રકારે સહાયભૂત થવામાં આ સમ્પ્રદાયના જે નિ.લી.ગો.શ્રીગોકુલનાથજી મહારાજ (મુંબઈ), નિ.લી.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ (કામવન) નિ.લી.ગો. શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજ (નડિયાદ) નિ.લી.ગો.શ્રીદામોદરલાલજી મહારાજ (નાથદ્વાર), પૂ.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (સુરત) આ બધામાં આપશ્રીનું યોગદાન પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. આ ઉપરાંત આજથી ૬૦ વર્ષ પૂર્વ શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા સંસ્થાની આપશ્રીએ સ્થાપના કરી મોટામંદિર-સુરતમાં ગોવિન્દભુવનના વિશાલ સભાખંડમાં વૈષ્ણવ બાળકો તથા બ્રાહ્મણ-બાળકો માટે સામ્પ્રદાયિક ગ્રન્થોના તથા સંસ્કૃત પરીક્ષોપયોગી અધ્યયનની વ્યવસ્થા ગોઠવી પાઠશાળા આરંભ કરી જેમાં વિદ્યાર્થીઓને લાકડાની બેન્ચ, ભણાવવા બ્લેકબોર્ડ વગેરે તથા અધ્યાપન કરાવનારા હાઈસ્કૂલ વગેરેમાં નિયમિત ભણાવતા શિક્ષકો, પંડિતો વગેરેની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી, આ પાઠશાળા પર ઘણો લાંબો વખત ચાલતી રહી. આ ઉપરાન્ત મહાસભા દ્વારા પંચવર્ષીય શુદ્ધાદ્વૈત વિશારદનો પરીક્ષાક્રમ આરંભવામાં આવ્યો અને ભારતના લગભગ ઘણા ખરા પ્રાન્તોના મોટાભાગના નાનાં-મોટાં શહેરોમાં પરીક્ષાકેન્દ્રો ખોલવામાં આવ્યાં જેમાં સર્વ કેન્દ્રોમાંથી સેંકડો વૈષ્ણવો પરીક્ષા આપવા બેસતા હતા અને તેમને પરીક્ષાપેપરો તપાસી ગુણાંકો આપી ઉતીર્ણના પ્રમાણપત્રો અપાતાં હતાં અને પાંચે પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને શુદ્ધાદ્વૈત વિશારદનું પ્રમાણપત્ર તથા તેમાં પણ ઉત્તમ ગુણાંક મેળવનારાઓને રજત-સુવર્ણ ચન્દ્રકો એનાયત કરાતા હતા. પરીક્ષોપયોગી અભ્યાસક્રમના પુસ્તકોનું પણ મહાસભા પોતે

પ્રકાશન કરી સર્વકેન્દ્રો પર પુસ્તકો મોકલાતા હતા જેથી ભણનારને પુસ્તક માટે ફાંફાં ન મારવા પડે. આજે આ પ્રવૃત્તિ થોડું સ્વરૂપ બદલીને ઓપન યુનિવર્સિટીના પ્રકારે પ્રશ્ન-ઉત્તર રૂપે ચાલે છે અને શાસ્ત્રીજી શ્રીમધુસૂદનભાઈ એમાં તન, મન, ધનથી સેવા આપી ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ચાલે છે, બન્ધ નથી તેથી સુન્દર છે પણ મારી દષ્ટિમાં પૂ.શ્રીપિતામહચરણે વર્ષો પહેલાં જે પરીક્ષાનો અને કેન્દ્રોનો પ્રકાર રાખેલો અને દરેક સ્થળે પ્રાયઃ કરીને સમ્પ્રદાયના શાસ્ત્રીજીઓ અધ્યાપન કરાવતા હતા આ પ્રકાર જ સુન્દર અને સરાહનીય હતો. આમાં વૈષ્ણવોને સમ્પ્રદાયનું જ્ઞાન પણ સારું એવું પંડિતકક્ષાનું મળતું હતું અને તેની સાથે કેટલાક વિદ્વાનોને પણ આથી પોષણ મળતું હતું. તેમજ વિદ્વાનોના રહેવાથી ભાષ્ય-સુબોધિની વગેરેના વિષયોથી પણ વૈષ્ણવોને જાણકાર કરાતા હતા. અતઃ આ શતાબ્દિ વર્ષના આરંભ પ્રસંગે શતાબ્દિ ઉજવણી સમિતિ સમક્ષ મારી હું એ ભાવના વ્યક્ત કરું તો તે અપ્રાસંગિક નથી કે પૂ.શ્રીપિતામહચરણના આ એક મહાન રચનાત્મક કાર્યને ઉત્તમોત્તમ દીર્ઘાયુષ્ય અર્પવાની આવશ્યકતા છે કે જેમાં દરેક પ્રકારનો વ્યાવહારિક વગેરે વિચાર કરી પુનઃ પૂર્વવત્ આ પ્રવૃત્તિને પૂર્ણરૂપેણ કાર્યાન્વિત દશામાં લાવવામાં આવે.

આ ઉપરાન્ત મહાસભાના માધ્યમથી પુષ્ટિમાર્ગીય પ્રાચીન ગ્રન્થોનું ભારતના અલગ-અલગ પુસ્તકાલયો-પ્રાચ્ય વિદ્યામન્દિરોમાંથી સંશોધન, અન્વેષણ અને તેનું પ્રકાશન થતું હતું જેમાં પરતત્ત્વાંજનમ્, ભાગવતાર્થનિબન્ધ, બાલબોધ, ઉત્સવનિર્ણય, યુગ્મતત્ત્વસમીક્ષા વગેરે સિદ્ધાન્તગ્રન્થોનું તથા બીજી અનેક નાની-મોટી પુસ્તિકાઓનું પ્રકાશન આપશ્રીએ કરાવ્યું છે જે આજે પણ તે પ્રકાશનોની ઉપયોગિતા જોઈ શકાય છે.

જ્યારે મહાસભાની અને પ્રકાશનોની ચર્ચા કરી ત્યારે આપશ્રીના

આ મહાન કાર્યમાં અત્યન્ત સહયોગી થઈ રહેલા ગો.વા.શાસ્ત્રીજી ચિમનલાલજી હરિશંકરજી શુકલ બોરસદવાળાનું પણ સ્મરણ કરવું પ્રસંગોચિત કહેવાશે. શાસ્ત્રીજીએ પોતાના જીવનનો અમૂલ્ય એવો પચાસ વર્ષથી વધુનો સમય આપશ્રીની પવિત્ર નિશ્રામાં રહી શ્રીવલ્લભ વાઙ્મયની સેવા કરવામાં જ વ્યતીત કર્યો છે. તેમણે આપશ્રીના પ્રવાસમાં સતત સાથે રહી સેવાઓ આપવા ઉપરાન્ત મહાસભાનું કુશલતાપૂર્વક સંચાલન, પરીક્ષાઓનું કાર્ય તથા તેના કેન્દ્રોનું સંચાલન, પ્રાચીન સંસ્કૃત હસ્તપ્રતોનું સંશોધન અને સમ્પાદન, સામ્પ્રદાયિક વિષયો પર અનેક પુસ્તિકાઓનું લેખન તેમજ પ્રતિવર્ષ પ્રકાશિત ઉત્સવોની ટિપ્પણી માટે ઉત્સવનિર્ણયાર્થે સમ્પ્રદાયના બીજા વિદ્વાનો સાથે બેસીને નિર્ણયમાં મહત્ત્વપૂર્ણ રીતે ભાગ લેવો એ એમની વિશિષ્ટ સેવાઓ છે. એમની સેવાઓને કારણે મહાસભાની પ્રવૃત્તિઓને ખૂબ જ ઓપ મળી શક્યો હતો. આવા સામ્પ્રદાયિક વિદ્વાનોને સર્વ પ્રકારે પોષણ આપવું એ સમ્પ્રદાયની જ્ઞાન પ્રવૃત્તિ પ્રત્યેનો આપનો વિદ્યાનુરાગ જણાઈ આવે છે.

હું મારા નાનપણના આપશ્રી સાથેના અનુભવનું સ્મરણ કરું તો આપશ્રીનો પોતાના પુત્ર-પૌત્રાદિ કુટુમ્બીજનો માટે આગ્રહ રહેતો કે કુટુમ્બના સર્વ સભ્યો શ્રીબાલકૃષ્ણપ્રભુની સર્વ સેવા શક્ય ત્યાં સુધી જાતે જ કરે. મને નાનપણમાં ચરણસ્પર્શ ઉપરાન્તની પ્રથમ સેવા પંખો કરવાની અને મન્દિર વસ્ત્ર કરવાની મળી હતી. મન્દિરવસ્ત્ર કરવામાં થોડી આળસ જોઈ આપશ્રીએ મને કહ્યું કે ગોસ્વામી બાળક તરીકે ગાદી પર બિરાજવું પર્યાપ્ત નથી પણ ગાદી-તકિયા પર આરામથી એ જ બેસી શકે કે જે શ્રીઠાકોરજીની સેવામાં મન્દિરવસ્ત્ર, વાસણ માંજવા, કૂવામાંથી જળ ભરવું, રસોઈ કરવી વગેરે બધું જ કરતો હોય અને કરતા આવડતું હોય, આ બધી પરિચર્યા છે અને પરિચર્યા કરતાં પછી સાક્ષાત્ સ્વરૂપ સેવામાં અધિકાર મળે છે. સેવા-પરિચર્યા વચ્ચેના ભેદનો પાઠ આ રીતે નાનપણમાં આપની પાસેથી શીખ્યો જે આજ દિન સુધી એ સંસ્કાર રૂપે

ચિત્તમાં ઘોળાઈને રહ્યો છે અને તેથી જ આજે પણ શ્રીપ્રભુની ઘરમાં બિરાજતી સેવામાં કોઈ પણ પ્રકારની સેવા-પરિચર્યામાં ક્યારેય કોઈ પ્રશ્ન કે અણગમો કે આળસ મનમાં આવતા નથી, આ આપશ્રીનું પિતૃત્વ વિશિષ્ટ ગુરુત્વ પણ છે. એક વખતનો પ્રસંગ છે કોઈક કારણવશ અમારું આખું ઘર બહારગામ હતું અને હું સુરતમાં હતો ઘણી નાનીવય હોવાથી મને શ્રુંગારની આજ્ઞા મળી ન હતી અને એવામાં કોઈક ઉત્સવ આવ્યો ને ભારી શ્રુંગાર ધરાવવાના હતા, તે સમયના શ્રીબાલકૃષ્ણલાલના મોટા મુખિયાજી સદારામજી બિમાર રહેતા એટલે ઘણું કરીને મોટા મુખિયાનું કાર્ય જવાબદારી નાના મુખિયાજી નાનુરામજી સંભાળતા, તે દિવસે ભારી શ્રુંગાર કરતાં નાનુરામજી થોડા મનમાં ખચકાઈ રહ્યા હતા તો મેં બાલસુલભ સ્વભાવથી પૂછી નાખ્યું તમે તો મોટી ઉંમરના છો, તમને તો શ્રુંગાર આવડવા જ જોઈએ ને ? ત્યારે એમણે કહ્યું કે આપના મોટાઓ રોજ હાજર હોયને શ્રુંગાર કરે એટલે અમે મુખિયાઓને શ્રુંગાર ધરાવવાનો વારો જ બે-પાંચ વર્ષે એકાદવાર આવે પછી શ્રુંગારની પ્રેકિટસ કેવી રીતે રહે ? આજે આ પ્રસંગને વિચારું છું તો ખ્યાલ આવે છે કે ખરેખર વલ્લભવંશમાં અવતરીને ઘણાં નોકરો-ચાકરો હોવા એ ગૌરવ નથી પણ જે ઘરમાં જૂના મુખિયાઓને પણ ક્યારેક જ શ્રુંગારાદિ સેવાનો અવસર આવતો હોય એવું સેવામાં સંલગ્ન કૌટુમ્બિકજીવન જ સાચું ગાર્હસ્થ્ય છે. અહીં મેં મારા એક-બે અનુભવો પ્રસ્તુત કર્યા છે પણ જો શતાબ્દિના સમાપન પ્રસંગે અમારા આખા ઘરના કુટુમ્બીજનોના અનુભવોને ભેગા કરી છાપવામાં આવે તો એક સ્વતંત્ર ગ્રન્થરૂપમાં બની શકે છે.

સમ્પ્રદાયના પ્રચારક્ષેત્રમાં અને સંગઠનમાં આપશ્રીની રચનાત્મક દૃષ્ટિનું દર્શન બધાને ત્યારે થયું જ્યારે આજથી પચાસ વર્ષથી પણ વધુ સમય પહેલાં સુરતમાં ખૂબ જ ધામધૂમ સાથે શ્રીગોકુલેશ જયન્તી ભવ્યતા પૂર્વક ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમ્પ્રદાયના ઘણા અગ્રણી ગોસ્વામી મહાનુભાવો, શાસ્ત્રીજીઓ તથા અગ્રણી વૈષ્ણવો ઘણીમોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગતાધ્યક્ષ તરીકે મુંબઈવાળા નિ.લી.ગો.શ્રીગોકુલનાથજી મહારાજે ખાસ ઉપસ્થિત રહી સ્વાગતભાષણ આપ્યું હતું. આ પ્રસંગે સમ્પ્રદાયમાં પહેલી જ વખત પુષ્ટિમાર્ગીય કલાપ્રદર્શન ખૂબ જ ભવ્યતાપૂર્વક યોજવામાં આવ્યું હતું જેની સંપૂર્ણ આયોજના અને વ્યવસ્થા આપશ્રીના જ્યેષ્ઠલાલજી નિ.લી.ગો.શ્રીગોવિન્દરાયજી (અમારા પૂ.શ્રીમોટાકાકાજી) એ કરી હતી અને આ આયોજન સમ્પ્રદાયમાં અદ્વિતીય-અભૂતપૂર્વ-અનેરું બની રહી હજારો વૈષ્ણવોનું આકર્ષણકેન્દ્ર બન્યું હતું.

આપશ્રીના નેતૃત્વમાં કુલ ૬ વખત વ્રજની લીલી પરિક્રમા યોજાઈ જેમાંથી પ્રથમ બેમાં સમ્પૂર્ણપણે આપશ્રીનું જ નેતૃત્વ હતું અને સર્વ જવાબદારીઓનું વહન પણ આપશ્રીએ જ કર્યું હતું. છએ યાત્રાઓ નીચે જણાવ્યા મુજબ વર્ષોમાં થઈ હતી :-

(૧) વિ.સં.૧૯૯૩ ઈ.સ.૧૯૩૭ આ યાત્રાની સમ્પૂર્ણ જવાબદારી આપશ્રીએ સંભાળી હતી અને વ્યવસ્થાનો ભાર આપશ્રીના જ્યેષ્ઠલાલજી નિ.લી.પૂ.ગો.શ્રીગોવિન્દરાયજી તથા દ્વિતીયલાલજી પૂ.ગો.શ્રીમધુસૂદનલાલજી એ સંભાળ્યો હતો.

(૨) વિ.સં.૨૦૧૮, ઈ.સ.૧૯૬૨. આ યાત્રાની પણ સમ્પૂર્ણ જવાબદારી આપશ્રીએ ઉઠાવી હતી અને વ્યવસ્થાનો ભાર આપશ્રીના બન્ને લાલજીઓએ વહન કર્યો હતો.

(૩) વિ.સં.૨૦૩૪, ઈ.સ.૧૯૭૮ આ યાત્રામાં આપશ્રીના નેતૃત્વમાં જવાબદારી-વ્યવસ્થાનો ભાર આપશ્રીના પૌત્રી અને દ્વિતીયલાલજી પૂ.ગો.શ્રીમધુસૂદનલાલજીના બેટીજી પૂ. શ્રીઈન્દિરાબેટીજી એ ઉઠાવ્યો હતો. આ સમ્પૂર્ણ યાત્રામાં આપે સાથે બિરાજી પાલખીમાં પધારી યાત્રા કરી હતી. ઉપરની ત્રણે

યાત્રામાં નિ.લી.પૂ.અ.સૌ. શ્રીઅક્કાબા (અમારા પૂ.શ્રીદાદીજી) સાથે બિરાજતા હતા.

(૪) વિ.સં.૨૦૩૬, ઈ.સ.૧૯૮૦ આ યાત્રા આપશ્રીના નેતૃત્વમાં નિર્ધારિત થઈ હોવા છતાં પણ પૂ.અ.સૌ.શ્રીઅક્કાબા (અમારા દાદીજી પૂ.અ.સૌ.શ્રીચમ્પકલતાવહુજી) નું સ્વાસ્થ્ય ગંભીર રીતે અસ્વસ્થ થવાથી આપશ્રીએ સુરત રોકાઈ જવું પડ્યું હતું. આ સમય દરમિયાન જ આપશ્રીના જન્મદિવસે મધ્યાહ્ને પૂ.અ.સૌ. શ્રીઅક્કાબાએ લીલા પ્રવેશ કર્યો હતો. આ યાત્રાની જવાબદારી-વ્યવસ્થા અમારા મોટા ભ્રાતા અને અમારા પિતૃવ્યચરણ નિ.લી.ગો.શ્રીગોવિન્દરાયજીના દ્વિતીયલાલજી પૂ.ગો. શ્રીકલ્યાણરાયજીએ સંભાળ્યા હતા.

(૫) વિ.સં.૨૦૪૪, ઈ.સ.૧૯૮૮ આ યાત્રા આપશ્રીના આશીર્વાદ અને આજ્ઞાસહ નિર્ધારિત કરવામાં આવી હતી અને આપશ્રી યાત્રામાં સાથે બિરાજી મોટરકાર દ્વારા યાત્રાસ્થળો અને બેઠકજીઓ પર પધારતા હતા. આ યાત્રાની સર્વ જવાબદારી આપશ્રીના દ્વિતીયલાલજી પૂ.ગો.શ્રીમધુસૂદનલાલજીના જ્યેષ્ઠલાલજી અને અમારા જ્યેષ્ઠભ્રાતા પૂ.ગો.શ્રીમથુરેશ્વરજીએ સંભાળ્યા હતા.

(૬) વિ.સં.૨૦૫૦, ઈ.સ.૧૯૯૪. આ યાત્રા આપશ્રીના આશીર્વાદ અને આજ્ઞાસહ નિર્ધારિત કરવામાં આવી હતી. આ યાત્રામાં આપશ્રી પધારવાના હતા પણ સ્વાસ્થ્યમાં અચાનક વિશેષ અસ્વસ્થતા આવવાથી આપશ્રી યાત્રામાં પધારી શક્યા ન હતા. આ યાત્રાની જવાબદારી-વ્યવસ્થા અમારા નાના ભ્રાતા અને અમારા પિતૃવ્યચરણ નિ.લી.ગો.શ્રીગોવિન્દરાયજીના તૃતીયલાલજી દીક્ષિત શ્રીવલ્લભરાયજીએ સંભાળ્યા હતા.

સમ્પ્રદાયના ઈતિહાસમાં વિ.સં.૧૫૩૫થી લઈને અદ્યાવધિ-

વિ.સં.૨૦૫૧ પર્યન્તમાં ષષ્ઠનિધિસ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલે સહુથી વધુ કોઈને માથે બિરાજી સેવાઓ સ્વીકારી હોય તો તેમાં આપશ્રીનું નામ મોખરે છે. આપશ્રીની એક વર્ષની વયમાં જ આપશ્રીના માતૃચરણનો અને આપશ્રીના પિતૃચરણ નિ.લી.ગો.શ્રીમગ્નલાલજી મહારાજશ્રીનો લીલાપ્રવેશ થઈ જવાથી અને તેના પૂર્વમાંજ આપશ્રીના પિતૃવ્યચરણો (કાકાઓ)નો તેમજ તેમના લાલજીઓનો લીલાપ્રવેશ થઈ ગયો હોવાથી એક વર્ષની વયે જ આપશ્રી સુરત ગૃહના તિલકાયત તરીકે ગાદીએ બિરાજી મહારાજશ્રી પદ ધારણ કર્યું હતું અને ત્યારે આપશ્રી સિવાય ઘરમાં કોઈ પણ પુરુષ વલ્લભવંશજ ન હોવાથી ત્યારથી જ શ્રીબાલકૃષ્ણલાલ અદ્યાવધિ આપશ્રીના માથે બિરાજે છે અને સેવાઓ અંગીકાર કરે છે. આ ૯૮ વર્ષ દરમિયાન આપશ્રીએ શ્રીબાલકૃષ્ણલાલને અનેકવિધ રીતે લાડ લડાવ્યા છે અને તેમાં કુલ ૭ વખત છપ્પનભોગ મનોરથનું આયોજન કર્યું છે. સહુથી ઐતિહાસિક ઘટના તો એ છે કે લગભગ દોઢસો વર્ષથી શ્રીબાલકૃષ્ણલાલ અને શ્રીજી સાથે બિરાજ્યા ન હતા અને આપશ્રીના મનમાં પણ શ્રીબાલકૃષ્ણલાલને નાથદ્વાર શ્રીજી પાસે બિરાજાવી વિવિધ મનોરથોનો આનંદ લેવાની તીવ્રભાવના હતી. ઈ.સ.૧૯૬૬ માં તે સમયે બિરાજમાન તિલકાયતજી શ્રીગોવિન્દલાલજી મહારાજે પરમ્પરા પ્રમાણે શ્રીજી પાસે બિરાજી શકતા ભગવત્સ્વરૂપોને નાથદ્વાર પધરાવવાનો શ્રાવણમાસમાં મનોરથ યોજ્યો અને આપશ્રીની પણ શ્રીબાલકૃષ્ણલાલને નાથદ્વાર પધરાવવા માટેની તીવ્રભાવના હતી. ઉપરાન્ત શ્રીતિલકાયતજીને બ્રહ્મસંબન્ધદીક્ષાદાતા ગુરુ પણ આપશ્રી (પૂ.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી-સુરત) હોવાથી આપના પ્રત્યે તેઓશ્રીનો વિશેષ આદરભાવ પણ રહ્યો છે. પરન્તુ કેટલાંક કારણોસર તે વખતે એ સુયોગ આવી શક્યો નહિ. આ વખતે નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી પ્રથમેશજીએ પણ આ માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. પરન્તુ વિ.સં.૨૦૨૨, ઈ.સ.૧૯૬૬ના વર્ષમાં સર્વની ભાવનાઓ-મનોરથોને-શ્રીજીએ

શ્રીબાલકૃષ્ણલાલે પૂર્ણ કર્યા અને આપશ્રીના નેતૃત્વમાં તેમજ અમારા પિતૃવ્યચરણના ત્રણે લાલજીઓ - અમારા ભ્રાતા પૂ.ગો. શ્રીબાલકૃષ્ણલાલજી, પૂ.ગો.શ્રીકલ્યાણરાયજી અને ચિ.ગો. શ્રીવલ્લભરાયજીના સેનાપતિત્વમાં અને સુરક્ષા આયોજન વગેરેની સમ્પૂર્ણ તેઓની જ સુવ્યવસ્થામાં વાજતે-ગાજતે સૌરાષ્ટ્રના વૈષ્ણવોની સેના સાથે છત્ર, ચમર, લવાજમા (સાથેનો રસાલો યા સામગ્રી) વગેરે સાથે ધામધૂમથી શ્રીબાલકૃષ્ણપ્રભુ પોતાની સાથે બિરાજતા સર્વ સ્વરૂપો સાથે નાથદ્વાર પધાર્યા અને ત્યાં શ્રીજી સાથે વિવિધ મનોરથો સહ અન્નકૂટ-૫૬ ભોગ આરોગ્યા અને શ્રીતિલકાયતજીના જન્મદિવસ પર્યન્ત ત્યાં બિરાજ્યા, શ્રીજી, શ્રીનવનીતલાલ, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીબાલકૃષ્ણલાલ ના એક સાથે બિરાજી અનેક મનોરથો થયા. ઘણાં વર્ષો પછીથી શ્રીબાલકૃષ્ણલાલ -શ્રીદ્વારિકાધીશ પ્રભુનો કાંકરોલીમાં મળવાનો પણ સુયોગ આવ્યો. ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજે શ્રીબાલકૃષ્ણલાલને કાંકરોલી પધરાવી બન્ને સ્વરૂપોનો સાથે બિરાજી આરોગવાનાો મનોરથ યોજ્યો અને શ્રીબાલકૃષ્ણલાલને આપશ્રીએ કાંકરોલી પધરાવ્યા. આ વખતે નિ.લી.પૂ.શ્રીગબુજીજી (નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજીના વહુજી અને નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજના માતૃચરણ) તેમજ નિ.લી.પૂ.શ્રીવ્રજભૂષણદાદાભાઈ જે પણ સ્વરૂપે નિત્યલીલામાં બિરાજતા હશે ત્યાં તેમને અપાર આનન્દ થયો હશે. નાથદ્વારથી પાછા સુરત પધારતાં અમારા જ્યેષ્ઠભ્રાતા પૂ.ગો.શ્રીમથુરેશ્વરજીના મનોરથે શ્રીબાલકૃષ્ણલાલ એક દિવસ માટે વડોદરા શ્રીનાથજી મન્દિર દેસાઈ શેરીમાં બિરાજ્યા અને વચમાં ષષ્ઠનિધિ શ્રીબાલકૃષ્ણલાલ, એક તરફ પૂનામાં પૂ.શ્રીકલ્યાણદાદાભાઈના માથે બિરાજતા શ્રીમહાપ્રભુજીના નિધિ શ્રીબાલકૃષ્ણલાલ તથા બીજી તરફ અમારા જ્યેષ્ઠ ભ્રાતા પૂ.ગો.શ્રીદાદાભાઈ ગો.શ્રીમથુરેશ્વરજીના માથે બિરાજતા રાણાવ્યાસવાળા શ્રીમહાપ્રભુજીના નિધિસ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલ આ રીતે પલને ઝૂલ્યા. આ ઝાંખી અલૌકિક હતી, તે સમયે મારા મનમાં જે મનોરથરૂપ ભાવના પ્રકટ થઈ તે મેં પૂ.શ્રીપિતામહચરણ સમક્ષ નિવેદન કરી કે **જે ! શ્રીજી પાસે બિરાજી શકતા ત્રણ બાળસ્વરૂપો (૧) શ્રીનવનીતલાલ, (૨) શ્રીબાલકૃષ્ણલાલ (૩) શ્રીમુકુન્દરાયજી શ્રીજી પાસે સાથે પલને ઝૂલતા હોય તે દર્શન કેવા અલૌકિક હશે તેનો ભાવ અહીં દર્શન કરવાથી થઇ રહ્યો છે.** આપશ્રીએ સસ્મિત ઉત્તર આપ્યો કે શ્રીપ્રભુની ઈચ્છા હશે તો તેવો મનોરથ પણ પ્રભુ પૂર્ણ કરી શકે છે. જો કે આ તો માત્ર મારા મનના ભાવો છે, પરન્તુ શ્રીતિલકાયતજીના હૃદયમાં આવો મનોરથ પ્રગટે ત્યારે જ સર્વ શકય છે. પોતાના પિતૃચરણની માફક જ નિ.લી.તિલકાયતજી શ્રીગોવિન્દલાલજી મહારાજના બન્ને લાલજીઓ વર્તમાન ગો.તિલકાયતજી શ્રીરાજીવલોચનજી મહારાજ તથા ગો.શ્રીરાકેશજી મહારાજ બન્નેને પણ શ્રીબાલકૃષ્ણલાલ પર એટલી જ પ્રીતિ અને ભાવ છે તેથી કંઈ અશકય નથી.

પૂ.શ્રીપિતામહચરણના પરિવારમાં આજે પુત્ર, પુત્રીઓ, પુત્રવધૂ, જમાઈ, પૌત્રો, પૌત્રીઓ, પૌત્રવધુઓ, પૌત્રીઓના પતિ-જમાઈઓ, પ્રપૌત્રો, પ્રપૌત્રોવધૂઓ, પ્રપૌત્રના પણ પાંચમી પેઢીએ પુત્રો-પુત્રીઓ, પ્રપૌત્રીના પતિ-જમાઈ, દૌહિત્રો, દૌહિત્રીઓ, દૌહિત્રોના પુત્રો-પુત્રીઓ, દૌહિત્રોના તથા દૌહિત્રીઓના પુત્ર-પુત્રીઓના પણ વધુઓ-જમાઈઓ બધું મળીને ૮૦ થી ઉપર સભ્યો છે. અને આ રીતે આજથી ૧૦૦ વર્ષ પર સુરતના ગૃહમાં એક જ આપશ્રી હતા અને આપશ્રીએ ઘરને પરિવારજનોથી સમૃદ્ધ કર્યું છે.

આ મંગલમય શુભ અને ઐતિહાસિક અવસરે એક વાત કહેવાની ઈચ્છા થાય છે અને તે એ છે કે આપણા સમ્પ્રદાયમાં એવા કેટલાયે દિગ્ગજ વિદ્વાન અને પ્રતાપી મહાનુભાવો થઈ ગયા છે કે જેમનું આદરપૂર્ણ સ્થાન માત્ર સ્વસમ્પ્રદાયજનોમાં જ નહિ અપિતુ સનાતનધર્મના સર્વસમ્પ્રદાયના જનોમાં, અગ્રણીઓમાં અને તેમના

ગુરુઓ- આચાર્યોમાં તથા સાધુ-સંન્યાસીઓમાં પણ રહ્યું છે. અને તે બધા પણ આ મહાનુભાવોને આજે પણ આદરપૂર્ણ અહોભાવથી જુએ છે-નવાજે છે. આવા મહાનુભાવોમાં છેલ્લા ૧૫૦ વર્ષમાં નિ.લી.ગો. શ્રીદેવકીનન્દનજી મહારાજ-કામવન, નિ.લી.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ-કામવન, નિ.લી.ગો.શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજ-નડિયાદ, નિ.લી.ગો.શ્રીગોકુળનાથજી મહારાજ-મુંબઈ, નિ.લી.ગો. શ્રીકૃષ્ણજીવનજી મહારાજ-મુંબઈ, નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ-મુંબઈ, વર્તમાનમાં બિરાજતા અમારા પિતામહચરણ પૂ.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ-સૂરત. આ બધા મહાનુભાવો સમ્બન્ધી જે પણ આવા (શતાબ્દિ ઉજવણી) વગેરે પ્રસંગો હોય એ પ્રસંગો માત્ર તેમના તેમના ઘર પૂરતા યા સ્વશિષ્યસમુદાય પૂરતા યા માત્ર સ્વસમ્પ્રદાય પૂરતા સીમિત નહિ રાખી આ પ્રસંગોને સમગ્ર સનાતનધર્મ વ્યાપી બનાવી અન્ય સમ્પ્રદાયના આચાર્યો, વડાઓ, અગ્રણીઓને સામેલ કરી ઉજવવા જોઈએ. એમાં જ સમ્પ્રદાયની વિશેષ શોભા છે. ઉપરાન્ત આવા મહાનુભાવોના પ્રસંગો તેમના ઘર પૂરતા કે તેમના જ માત્ર શિષ્યો પૂરતા સીમિત ન રહી જેમ આજે શ્રીહરિરાય મહાપ્રભુનો ઉત્સવ સર્વ સમ્પ્રદાય ઉજવે છે એ પ્રકારે આખા સમ્પ્રદાયે પોતાના ગૌરવરૂપ આચાર્યોના પ્રસંગો મનમાંથી અન્યથા ભાવનાઓને ત્યાગી ઉજવવા જોઈએ. જેમ કે આ શતાબ્દિના પ્રસંગે સમ્પ્રદાયના નાના-મોટા સહુ ગોસ્વામી બાળકો ઉપસ્થિત હોય, સમ્પ્રદાયના સહુ વિદ્વાનો, અગ્રણીઓ ઉપસ્થિત હોય અને સર્વ સમ્પ્રદાયના આચાર્યોને આગ્રહપૂર્વક આમંત્રવામાં આવ્યા હોય, શાસનના કેન્દ્રીય, પ્રાન્તીય, નગરીય ઉચ્ચસ્તરીય લોકો પણ આમાં ઉપસ્થિત હોય અને આવા પ્રસંગો જતિપુરા, નાથદ્વાર વગેરે કેન્દ્ર સ્થળો પર આયોજિત થયેલા હોય તો પ્રસંગ કેવો સુન્દર અદ્વિતીયરૂપે દીપી ઊઠે? કહેવાનું તાત્પર્ય આવા અવસરોએ આપણે આપણો દૃષ્ટિકોણ સંકુચિતમાંથી વ્યાપક-વિસ્તૃત કરી પ્રસંગો ઉજવીએ તો પ્રસંગનાયક મહાનુભાવના વ્યક્તિત્વને પણ તેમના સ્વરૂપાનુકૂલ ન્યાય મળી રહે, તેથી

સમ્પ્રદાયને પણ ઘણો લાભ થાય અને આ સમ્પ્રદાયના આચાર્યોની ગરિમા પણ યોગ્ય જળવાઈ રહે. હું એવી અભિલાષા સેવું છું કે શતાબ્દિનો વર્ષભરનો અને સમાપનનો સમારોહ સમગ્ર સમ્પ્રદાય મળીને ભવ્ય રીતે ઉજવાય.

જો કે આપશ્રીના અગાધ ગુણસાગરમાં લેખની વડે ડૂબકી મારવાનું મારું આ દુઃસાહસ કાલિદાસની એ ઉક્તિનું સ્મરણ કરાવે છે કે **‘क्व सूर्यप्रभवोवंशः क्व चाल्पविषयामतिः । तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥’** અને **‘उद्बाहुरिववामनः’** તેમ છતાં પણ સમ્પાદક તરીકેના કર્તવ્યભાવે અને આપશ્રી પ્રત્યેના અતિશય આદરભાવે આપશ્રીનાં પવિત્ર શ્રીચરણોમાં ગાંડા-ઘેલાં વાક્યોમાં વાક્-પુષ્પાંજલિ નિવેદન કરી છે. બાલસુલભ સ્વભાવવશ જે કંઈ પણ ક્ષતિ-અપરાધ થયા હોય તે માટે ક્ષમાયાચના સહ પુનઃ મંગલમય શુભ શતાબ્દિ પ્રવેશના અવસરે કોટિ-કોટિ સા.દ.પ્રણામ નિવેદન કરું છું.

* * *

(૪) નિ.લી.પૂ.ગો.શ્રીગોવિન્દરાયજી મહારાજશ્રી–સુરત

લેખક : બિપિનબિહારીદાસ–સુરત

પરમવંદ્ય પ્રાતઃસ્મરણીય મહાનુભાવ શ્રીગોવિન્દપ્રભુના નામથી, પુષ્ટિના રંગથી જે થોડો પણ રંગાયો હોય એવો ભલા કયો વૈષ્ણવ હશે જે અજાણ હોય ? પુષ્ટિસમ્પ્રદાયના મંગળ ઈતિહાસને તપાસીએ તો તેની શરૂઆતથી માંડી આજસુધીની દિવ્યવ્યક્તિત્વસભર આચાર્યોનીપરંપરામાં આંગળીના વેઢે ગણી શકાય એવા જે મહાનુભાવો પ્રગટ થયા તેમાં અનેક વિશેષતાવાળું આપશ્રીનું પરમ ઉજ્જ્વળ ચરિત્ર પણ ગૌરવ સાથે બિરાજે છે.

શ્રીવલ્લભાષ્ટકના 'क्वचित् पांडित्यं चेत्' શ્લોક પ્રમાણે કોરી પંડિતાઇ, વેદોની જાણકારી, વેદોએ કહેલો આચાર કે પ્રભુના માર્ગનો પરિચય, આટલું જ પૂરતું નથી, એથી આગળ વધીને વ્રજપતિમાં રતિ સર્વકાંઇ છે. પુષ્ટિ સમ્પ્રદાયના આપશ્રી કેવળ ટોચના વિદ્વાન, શાસ્ત્રોના જ્ઞાતા, ભક્તિમાર્ગના સદાચારથી સંપન્ન કે પુષ્ટિમાર્ગની સેવાપ્રણાલીની રજેરજથી પરિચિત આચાર્ય જ નહીં પરંતુ વ્રજપતિની રતિના મર્મને રોમેરોમમાં ઘૂંટી પુષ્ટિમાર્ગના તત્ત્વરૂપ ભગવદ્રસનો આનંદ માણનાર અને ખૂબ જ ઉદારતાથી નિજજનોને માણાવનાર આચાર્ય હતા.

પુષ્ટિમાર્ગમાં વિદ્વત્તાની સરખામણીમાં પુષ્ટિમાર્ગના પ્રમેયને (પ્રભુ અને પ્રભુમાં રતિને) સમજવું અને પચાવવું તે કરોડોગણું અધિક છે. આવી ઊંચી સ્થિતિ, સંપૂર્ણ ભગવદ્ભાવનો આવિર્ભાવ પોતાનામાં થાય ત્યારે જ શક્ય બને. શ્રીમદ્ભાગવતના 'यथा यथात्मा परिमृज्यतेऽसौ' વાક્ય પ્રમાણે આવી વિલક્ષણતા લોકોત્તર ચરિત્રવાળા મહાનુભાવોમાં જ જોવા મળે છે. ભાગ્યે જ જોવા મળતી એવી આ પ્રકારની વિદ્વત્તાની સાથે માર્મિકતાની ઝાંખી શ્રીગોવિન્દપ્રભુના ચરિત્રમાં થાય છે.

રસસાગર શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રગટાવ્યો, સેવા-સાગર શ્રીગુસાંઇજીએ તેને વિકસાવ્યો, કૃપાસાગર શ્રીગોકુલેશજીએ તેના પ્રમેયની રસધારા વહેતી કરી, ભાવસાગર શ્રીહરિરાયજીએ સાધારણ દૈવીજનોને તે સુલભ કરી, પ્રમાણસાગર શ્રીપુરુષોત્તમજીએ એ રસધારાને દૈવીજીવોના હૃદયમાં સ્થિર કરવા પ્રમાણની પાળ દ્વારા કાંઠે બાંધી. આ પાંચે અલૌકિક સાગરોમાંથી નીકળેલી સુધાના મિશ્રણવાળું જે નવીન સુધાસ્વરૂપ ભૂતલ પર પ્રગટ થયું તે નવીન સુધા જ સાક્ષાત્ શ્રીગોવિન્દપ્રભુ છે.

આપશ્રી હરઘડી પોતાના આધિદૈવિક સ્વરૂપના અનુસંધાનથી બિરાજતા. મારા સેવ્ય-પ્રિયતમ હરપળે મારી સાથે જ છે એવી આંતર-બાહ્ય અનુભૂતિ આપશ્રીની કાયમની હતી. વૈષ્ણવોને તેમના મૂળ સ્વરૂપનું ઉદ્બોધન કરતા આપ આજ્ઞા કરતા કે, વૈષ્ણવો, તમારું સ્વરૂપ જેવું તેવું ન સમજશો, તમે શ્રીમહાપ્રભુજીના સંતાન છો, તમારી પાછળ શ્રીમહાપ્રભુજીનું અદ્વિતીય પીઠબળ હરઘડી છે, કાયર ન બનો, સિંહનું સંતાન કદી કાયર ન હોય. તમે સનાથ છો. આપશ્રી વૈષ્ણવજનોના સમર્થ ગુરુ બની ભાગ્યવાન સેવકોમાં પોતાની કૃપાશક્તિનું સ્થાપન કરી વૈષ્ણવજનો માટે સાધનરૂપે કહો કે ફલરૂપે કહો, બન્ને પોતે બન્યા.

આપશ્રીના કોઈ પણ વચનામૃતમાં પછી તે ષોડશગ્રંથમાંથી કે સુબોધિનીજી, નિબંધ, ભક્તિહંસ કે ન્યાસાદેશ પર હોય આપશ્રીનો ઝોક સદૈવ ભગવદ્રૂપ સેવા પર રહેતો. મોટા જાહેર સમારંભમાં પણ પ્રસંગને અનુરૂપ નિરૂપણ કરી છેવટે ભક્તિ-સેવા-ભગવત્પ્રેમ તરફ આપ અચૂક

નિર્દેશ કરતા. આપશ્રી સિદ્ધાન્તની વાત નીડરપણે કરતા. એક વખત મુંબઈમાં એક સમારંભમાં આપશ્રીને પધારવાનું હતું ત્યારે એક આગળ પડતી વ્યક્તિએ વિનંતી કરી કે આપના વ્યાખ્યાનમાં ક્યાંય પુષ્ટિનું નામ કે સિદ્ધાન્ત આવવા ન દેશો. ત્યારે આપશ્રીએ મક્કમતાથી આજ્ઞા કરી કે હું જ્યાં પણ જઈશ ત્યાં મારા વકતવ્યમાં પુષ્ટિનો સૂર જ ગુંજશે. કારણ પુષ્ટિના સિદ્ધાન્તો ઘણા વ્યાપક છે. ભારતીય સંસ્કૃતિનો એક ગ્રંથ એવો નથી જેમાં પુષ્ટિનો સિદ્ધાન્ત ન હોય. પુષ્ટિના સિદ્ધાંતો સનાતન સત્ય છે. આપશ્રી વારંવાર આજ્ઞા કરતા કે પુષ્ટિપ્રભુને શરણે આવી હવે શા માટે વૈધવ્ય ભોગવો છો ?

શ્રીમહાપ્રભુજીના વાણીની રસરૂપતાનું વર્ણન કરતાં, ‘दमला प्रभुदास बहुभागी तिनकों पुनि पुनि आप सिरवावै’ આ પદનું અનુસંધાન થતાં ખૂબ જ ભાવવિવશ આપ થઈ જતા. શ્રીમહાપ્રભુજીની વાણીની ફલરૂપતાનું માહાત્મ્ય પ્રગટ કરી એકવાર આપશ્રીએ આજ્ઞા કરેલી કે જીવનમાં શ્રીમહાપ્રભુજીની ફલરૂપ વાણીનું જરૂર સેવન રાખજો તે વાણી સમજાય કે ન સમજાય છતાંય તેનું સેવન કરજો. કદાચ ન સમજાય તો પણ તે વાણી વ્યર્થ નહીં જાય, કદાચ તમને તે વાણી વાંચવાનો કે તે પુસ્તક પરથી રજ દૂર કરવાનો પણ તમારી પાસે સમય ન હોય તો છેવટે રજથી ઢંકાયેલા પુસ્તકોનાં દર્શન માત્રથીયે તમે નિઃસંદેહ કૃતાર્થ થશો. ગમે તે રીતે પણ તે ફલરૂપ વાણીનો સંબંધ જીવનમાં જરૂર રાખજો.

શ્રીગોકુલેશજીએ ચોર્યાસી-બસો બાવન વૈષ્ણવોની વાર્તા પ્રગટ કરી, શ્રીહરિરાયજીએ એનો ભાવ પ્રકાશિત કર્યો પણ તે પછી રહેલું અધૂરું કાર્ય શ્રીગોવિન્દપ્રભુએ ભગવદીય વાર્તા સપ્તાહનો આવિષ્કાર કરી પૂર્ણ કર્યું. આને પરિણામે શિક્ષાપત્ર, વલ્લભાખ્યાન, બેઠકચરિત્ર વગેરેની સપ્તાહો પણ યોજાવા લાગી.

ભોગ-રાગ અને શૃંગારની વિવિધતાથી ભરેલા રસાલ સેવામાર્ગનો

આનંદ પુષ્ટિજીવો મન મૂકીને લૂંટે એ આપશ્રીની અંતરની સર્વોપરિ ઈચ્છા રહેતી. એ માટે પુષ્ટિધર્મ દેખાડી ચાહી ચલાવીને સામેથી વૈષ્ણવજનોને બોલાવી, સેવાનો ઉપદેશ અને સેવાની રીતનું પ્રત્યક્ષ માર્ગ પ્રદર્શન આપશ્રી આપતા. એના જ પરિણામે આજે સેવા શિબિરો યોજાય છે.

શ્રીયશોદોત્સંગલાલિત શ્રીબાલકૃષ્ણપ્રભુની સૂરત પર આત્યંતિક કૃપા હોવાથી, આજથી વર્ષો પૂર્વે આદરણીય મહાનુભાવ શ્રીપુરુષોત્તમજી (લેખવાળા) મહારાજશ્રીના સ્વરૂપમાં તથા સાંપ્રતકાળમાં નિ.લી.પૂ.પા.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીના સ્વરૂપમાં સૂરતની વૈષ્ણવ જનતાને, શ્રીમહાપ્રભુજીના અલૌકિક વિશિષ્ટ સ્વરૂપની ઝાંખી કરવાનું સૌભાગ્ય સાંપડ્યું છે.

સંવત ૧૯૭૦ના ફાગણ માસના શુક્લ પક્ષની એકાદશી-કુંજ એકાદશીએ કુંજનિધિ શ્રીબાલકૃષ્ણપ્રભુએ, સૂરતની વૈષ્ણવ જનતાના સૌભાગ્યને ચરમસીમાએ પહોંચાડ્યું. કુંજએકાદશીએ પિતૃચરણ નિ.લી.પૂ.પા.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીના આનંદની અવધિમાં વૃદ્ધિ કરતા નિ.લી.શ્રીગોવિન્દ મહાપ્રભુનું પ્રાકટ્ય થયું.

આપશ્રીના પ્રાકટ્યમાં એક અદ્વિતીય વિશેષતા કહો તો વિશેષતા અને વિલક્ષણતા કહો તો વિલક્ષણતા એ હતી કે, પ્રાકટ્યથી માંડી લીલા વિસ્તારી ત્યાંસુધી આપશ્રીના આંતર-બાહ્ય સ્વરૂપમાં, એકધારી એકરૂપતા જળવાઈ રહી હતી. એમાં લેશ પણ ફરક પડ્યો નથી.

આપશ્રીનું અનુસંધાન, જુદા જુદા પ્રસંગોએ, તે તે પ્રસંગોના લીલાસ્વરૂપનું સદૈવ રહેતું. એથી જ આપશ્રી જ્યારે જીવને બ્રહ્મસમ્બન્ધ કરાવતા હોય, બ્રહ્મસમ્બન્ધ પછી સેવકને ઠાકોરજી પધરાવી આપતા હોય અને તેના કર્તવ્યનો બોધ કરાવતા હોય, સુબોધિનીજી કે માર્ગીયસાહિત્ય યા સિદ્ધાન્તો પર ધારાવાહી વાણીમાં પ્રવચન કે ચર્ચા કરતા હોય, વિવિધ દષ્ટાંતો દ્વારા માર્ગનું હાર્દ સમજાવતા હોય ત્યારે આપશ્રીના સ્વરૂપમાં

સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપની દિવ્ય ઝાંખી થતી.

શ્રીહરિરાયજી મહાપ્રભુની જેમ આપશ્રી નિરંતર સ્વસ્વરૂપની મસ્તીમાં રહેતા અને ક્યારેક ભગવદ્‌ચર્ચા વેળા, તો ક્યારેક જો પે શ્રીવલ્લભ પ્રકટ ન હોતે - આ કીર્તન કે ગોવર્ધનલીલાનાં પદો સમજાવતી વેળા, આપશ્રી લીલાનુસંધાનમાં શ્રીહરિરાયજીની જેમ ખૂબ ઊંડે ઊતરી જતા, એ વેળા આપશ્રીનું સ્વરૂપ એવું તો તેજોમય બનતું, કે એના લક્ષ્યમાં આવનાર સ્વકીય વૈષ્ણવોને, તેમના-તેમના સ્વરૂપનો બોધ અંતરમાં કરાવી જતું. આ રીતે માત્ર સ્વસ્વરૂપની મસ્તીમાં જ મસ્ત ન રહેતાં, આપશ્રીએ નિજજનોને તેમના-તેમના સ્વરૂપની સ્મૃતિ કરાવી, તેની મસ્તી માણાવી છે.

જીવો પર જ્યારે પણ આપશ્રીની અલૌકિક ભાવાત્મક કૃપાદૃષ્ટિ પડતી, ત્યારે તે જીવો પછી ગમે તે યોનિના હોય, પોતાનું ભાન વીસરી જઈ, આપશ્રીના સ્વરૂપસૌન્દર્યમાં એવા તો લીન થઈ જતા, કે ચિત્ત ત્યાં ચોંટી જતું. આવી સ્થિતિ, કેવળ મનુષ્યદેહધારી જીવોની જ નહીં પરન્તુ પશુ અને પક્ષીના દેહધારી જીવોની પણ થતી. એથી આગળ વધીને કહેવું હોય તો કહી શકાય એમ છે કે પ્રેતાત્માની પણ આવી સ્થિતિ થતી.

આવા જીવો પર અત્યંત અનુગ્રહ કરી, આપશ્રી નિવેદન કરાવી કે નામ સુણાવી, તેમનો અંગીકાર પ્રભુને કરાવતા. ઈન્દોરમાં શરણે આવેલી ચકલીને અને કલકત્તામાં શરણે આવેલ એક અતિ સુંદર પક્ષીને નામ સુણાવી, તે તે જીવોનો અંગીકાર આપશ્રીએ પ્રભુને કરાવ્યો હતો. આપશ્રીએ લીલા વિસ્તારી તે પહેલાં એક વેળા, સૌરાષ્ટ્રના કોઈક સ્થળે, શ્રીમદ્‌ભાગવત સપ્તાહનો પ્રસંગ હતો. આપશ્રી શ્રીભાગવતગૂઢાર્થ-પ્રકાશનપરાયણઃ તથા શ્રીભાગવતપીયૂષસમુદ્ર-મથનક્ષમઃ સ્વરૂપની દિવ્ય ઝાંખી કરાવતા, લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતા-ખિલશરીરભૃત્ સ્વરૂપની પ્રત્યક્ષ અનુભૂતિ દ્વારા, શ્રોતાઓને રસથી ભીંજવી રહ્યા હતા તે વેળા, મંડપમાં

એક બકરી શાંતચિત્તે એક ખૂણામાં ઊભી રહી, આપશ્રીના સૌન્દર્યનું અને આપશ્રીની સુધાનું પાન કરી રહી હતી. કેટલાક શ્રોતાઓ એને ત્યાંથી ખસેડવા વારંવાર પ્રયત્ન કરતા અને એ બિચારી બેં બેં કરી, આમતેમ ખસી, પાછી ત્યાં જ આવી ઊભી રહેતી. આપશ્રીનું ધ્યાન એ તરફ જતાં, આપશ્રીએ આજ્ઞા કરી, બિચારા મૂંગા પ્રાણીને શા માટે હેરાન કરો છો ? ઊભી રહેવા દો. આપશ્રી બિરાજતા હતા ત્યાંથી, બકરીની સમીપ આવ્યા. ત્રણવાર કાનમાં અષ્ટાક્ષર જપ્યો અને બકરી ખૂબ શાન્ત ગતિથી ચાલી ગઈ.

આવો જ એક પ્રસંગ અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ સ્વરૂપની ચરમસીમાની ઝાંખી કરાવતો. પ્રેતાત્માના ઉદ્ધારનો છે.

કાંદીવલીમાં આપશ્રીના એક અનન્ય વૈષ્ણવ સેવક છે. એક વેળા એમનાં પત્ની, છૂટા ભીના વાળ સાથે કૂવે જળ ભરવા ગયાં, ત્યાં કોઈ પ્રેતાત્મા એમના શરીરમાં પ્રવેશ કરી ગયો. આ બેનની સ્થિતિ એ પછી સાન-ભાન વિનાની થઈ ગઈ. પ્રારંભમાં સમજ ન પડતાં દવાદારૂ કર્યાં, પણ કશો ફરક પડ્યો નહીં. કોઈએ પ્રેતની શંકા કરી એ માટે ઉપાયો યોજવા કહ્યું અને વૈષ્ણવમર્યાદામાં રહી એ સંબંધમાં પણ પ્રયત્નો કરી જોયા, છતાં કશો ફરક ન પડ્યો. દશ-અગિયાર માસ આ રીતે નીકળી ગયા. છેવટે આ વૈષ્ણવ સેવકે શ્રીમદ્ ભાગવત સપ્તાહ બેસાડવા નિર્ણય કર્યો. સપ્તાહમાં એક દિવસે શ્રીગોવિન્દ મહાપ્રભુની પધરામણી કરી. સેવકનો ધર્મ છે કે સ્વામીને શ્રમ થાય એવું કાંઈ ન કરવું. અને એથી જ, આ વૈષ્ણવ સેવકે પોતાના ઘરની આ વાત, ગુરુદેવને કહી ન હતી. સેવકે વિચાર્યું કે ગુરુદેવ પધાર્યા છે ને એમનાં દર્શનનો લાભ પત્નીને મળે તો એ બિચારીનો અંતકાળ સરસતાથી સુધરે. એટલે ઘરે પધારવા વિનંતી કરી. પત્નીની સ્થિતિ જણાવતાં કંઈક સંકોચ, કંઈક ડર થતો હતો. છેવટે દાદર ચઢતાં-ચઢતાં, સંકોચ અને ડર સહિત, સેવકે સંક્ષેપમાં આપશ્રીને

પત્નીની સ્થિતિનો ખ્યાલ આપી દીધો. જાણતા હોવા છતાં, પોતે કશું નથી જાણતા એવો ભાવ રાખી, આપશ્રી રોષદક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ તથા ઉગ્રપ્રતાપઃ સ્વરૂપના આવિર્ભાવ સાથે, ખૂબ સ્થિરતા અને દૃઢતાપૂર્વક, મક્કમ પગલે બેન જ્યાં સુતા હતા તે ખંડમાં પ્રવેશ્યા.

ખંડમાં પ્રવેશતાં જ, બેનમાં રહેલ પ્રેતાત્મા ફફડી ઊઠ્યો. આપશ્રીએ પ્રશ્ન કર્યો કે તું કોણ છે અને શા માટે આવ્યો છે ? પ્રેતાત્માએ કહ્યું કે મારે આપની પાસે દીક્ષા લેવી છે અને એથી, ક્યારેક આપશ્રીનું સાન્નિધ્ય મને પ્રાપ્ત થશે એ આશાએ આપશ્રીનાં કૃપાપાત્ર એવા આ બેનના શરીરમાં, મેં સ્થાન કર્યું છે. આપશ્રીએ કહ્યું કે વચન આપ, દીક્ષા લીધા બાદ કોઈને હેરાન નહીં કરું અને આ સ્થળ છોડી ચાલ્યો જઈશ. પ્રેતાત્માએ આવું વચન આપ્યું. આપશ્રીએ તુલસીની કંઠી આપી, નામ નિવેદન કરાવ્યું અને તત્ક્ષણ એક સફેદ આકૃતિ બેનના શરીરમાંથી નીકળી અદૃશ્ય થઈ જતી દેખાઈ. બેન જાણે દીર્ઘ નિદ્રામાંથી જાગ્યા હોય એમ, સફાળા બેઠા થઈ ગયાં અને ગોવિન્દ પ્રભુને જોઈ રડી પડ્યા - અરે પ્રભુ, આપ અહીં પધાર્યા અને હું અભાગિણી પથારીમાં પડી રહી ! પ્રભુ, મારો મહાન અપરાધ થયો છે, ક્ષમા કરો. શ્રીગોવિન્દપ્રભુએ બેનને સાન્ત્વના આપી અને કહ્યું, બેન, તમારો કોઈ અપરાધ થયો નથી, તમે સૂઈ રહો, તમારી સ્થિતિ હવે સુધરી જશે, ચિન્તા ન કરો.

વિવિધ મનોરથો દ્વારા શ્રીઠાકોરજીને સુખ આપવામાં, આપશ્રી સાક્ષાત્ શ્રીયમુનાજીનો બોધ કરાવતા. મનોરથોના આયોજનમાં અને એની સિદ્ધિમાં એવી તો અલૌકિકતા આપશ્રીના સંસ્પર્શ, સંપર્ક અને સંસર્ગથી આવતી કે વૈષ્ણવોને અવર્ણનીય આનંદ પ્રાપ્ત થતો. આવા મનોરથો સિદ્ધ કરવામાં આપશ્રી કેવળ શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરતા અને એ માટે પરિશ્રમ કે દ્રવ્યની કોઈ ઊણપ કે કચાશ યા સંકોચ આપશ્રી ન રાખતા.

વડોદરામાં દંતેશ્વરમાં આપશ્રીએ શ્રીગિરિરાજજીનો મનોરથ કરી, વૈષ્ણવોના શ્રીઠાકોરજીઓને સાથમાં પધરાવી, છાકલીલાનું જે આયોજન કરેલું, એની અદ્ભુતતા વૈષ્ણવો આજે પણ વીસર્યા નથી અને એની અલૌકિકતાનું વર્ણન કરતાં થાકતાં નથી. ઉજ્જૈનમાં શ્રીઠાકોરજીને પાલખીમાં પધરાવી, પનઘટ તથા નાવનો સુંદર મનોરથ આપશ્રીએ કરેલો અને અન્નકૂટ અરોગાવેલો. સાક્ષાત્ લીલાસ્થળીનું જાણે ત્યાં અવતરણ થયું હોય, એવું અલૌકિક દર્શન વૈષ્ણવોને ત્યારે અનુભવવા મળેલું. આપશ્રી, શ્રીયમુનાજીની જેમ, સદૈવ શ્રીઠાકુરજીની સંગાથે રહેતા અને પ્રભુને જરા પણ અસુખ ન થાય, એની કાળજી રાખતા. પાલખીવાળાઓને પણ ટોકતા રહેતા. ક્યારેક વાંકાચૂકા થાય તો ખિજાઈ જતા અને કહેતા, સાવધાની રાખો, મારા પ્રભુને અસુખ થાય છે. સાત સ્વરૂપની હવેલી, મુંબઈમાં આપશ્રીએ ઉષ્ણકાળમાં ફુવારાનો મનોરથ કરેલો અને ત્યારે રૂહેગુલાબની રૂા. ૫૦૦ની બાટલીઓ, આપશ્રીએ જળમાં પધરાવેલી. ગયા અધિક માસમાં સૂરતમાં શ્રીબાલકૃષ્ણપ્રભુને હાથીની સવારી પર પધરાવવાનો તેમજ તે અગાઉના અધિકમાસમાં, વિવાહખેલનો જે મનોરથ આપશ્રીએ સિદ્ધ કરેલો, એ એવો તો અદ્ભુત અને લીલાનુસંધાનપ્રચુર હતો, કે આજે પણ એની સ્મૃતિ માનસપટ પર એવી ને એવી કાયમ છે અને એક અનોખી ઝંખના જગાવી જાય છે. આવા તો અનેક મનોરથો, આપશ્રીએ સ્થળે-સ્થળે કર્યા છે અને જેમની સાથે લીલા-સાહચર્ય છે તેમને, કૃપાદૃષ્ટિથી પોતાના વાસ્તવિક સ્વરૂપની તે-તે મનોરથ પ્રસંગે, અનુભૂતિ કરાવી છે.

સાંપ્રદાયિક પ્રવૃત્તિઓને તેમજ વૈષ્ણવોના શ્રેયઃ સાધનને ગતિ મળે એ માટે, આપશ્રીએ કેટલાક મૌલિક પ્રદાનો પણ કર્યાં છે. આ મૌલિક પ્રદાનોમાં, પ.ભ.કવિ શ્રીદયારામભાઈ જન્મજયંતીની ઉજવણી, ભગવદ્ વાર્તાસપ્તાહનું આયોજન, બ્રહ્મસમ્બન્ધદિનની ઉજવણી, સાંપ્રદાયિક ધ્વજવંદન આદિનો સમાવેશ થાય છે. સૂરતથી

આપશ્રીએ આનો પ્રારંભ કર્યો હતો. ભગવદ્‌વાર્તાસપ્તાહ, બ્રહ્મસંબન્ધદિનની ઉજવણી, સાંપ્રદાયિક ધ્વજવંદન-આ ત્રણે આયોજનો, શ્રીબાલકૃષ્ણ પ્રભુની સન્નિધિમાં, મંદિરના ચોગાનમાં, સર્વપ્રથમ સંપન્ન થયાં હતાં.

સંવત ૨૦૨૫ની શ્રાવણ સુદિ એકાદશીએ, બ્રહ્મસમ્બન્ધદિનની પ્રથમ ઉજવણી પ્રસંગે નિ.લી.પૂ.પા.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીના શુભ હસ્તે, મંદિરના ચોગાનમાં સાંપ્રદાયિક ધ્વજવંદન થયું હતું. વહેલી સવારે શહેરના વિવિધ લત્તાઓમાંથી શ્રીમહાપ્રભુજીના ચિત્રજી સહિત કીર્તન કરતી વૈષ્ણવ મંડળીઓ મંદિરના ચોગાનમાં ભેગી થઈ હતી અને તમામ ચિત્રજીઓને સાથે બિરાજાવી પૂજન કરાયું હતું. મહારાજશ્રીએ તેમજ નિ.લી.શ્રીગોવિન્દ પ્રભુએ, બ્રહ્મસમ્બન્ધદિન અને સમર્પણનું તુલસી માળા અને તિલકનું મહત્ત્વ સમજાવી, પ્રતિવર્ષ આવી ઉજવણી કરવા આગ્રહ કર્યો હતો. વિશેષમાં, શ્રીગોવિન્દપ્રભુએ આજ્ઞા કરી હતી કે આ દિવસે, વૈષ્ણવે કંઈ નહીં તો પોતાના લત્તામાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને, એમના ઘરમાં જેટલી વ્યક્તિ હોય તેટલી વ્યક્તિદીઠ એકેક તુલસીમાળા અને એક ડબ્બીમાં થોડું કંકુ, ઘેર-ઘેર પહોંચાડવું. આ રીતે માળા-તિલક અને નિવેદનનું સ્મરણ કરવું-કરાવવું.

પ્રભુ જે ઘડીએ અને જે કાળે જે કાંઈ કરશે, એ ભલા માટે જ કરશે, એવી દૃઢ શ્રદ્ધા રાખી, જે સ્થિતિમાં જે રીતે પ્રભુએ રાખ્યા, એમાં લેશ પણ રંજ કર્યા વિના આનંદ માણી, વિવેકનું માથે વીજળી ત્રાટકે અથવા આભ તૂટી પડે એવા ત્રણ પ્રકારનાં કષ્ટો, સહેજ પણ વિચલિત થયા વિના, સ્થિરતાપૂર્વક સહન કરી, ધૈર્યનું, તથા અશક્ય કે સુશક્ય સ્થિતિમાં, ગમે તે સ્થળે, સાધન કે દ્રવ્યના અભાવ કે સંકોચમાં ફનાગીરી અપનાવી લઈ સ્વપ્રભુનો દૃઢ આશ્રય અક્ષુણ્ણ જાળવી રાખી, આશ્રયનું, એક અને અદ્વિતીય મૂર્તિમંત સ્વરૂપ, આપશ્રી, આપની સમગ્ર ભૂતળસ્થિતિ દરમિયાન બની રહ્યા.

સંવત ૨૦૩૦ના ભાદરવા વદ ૧૪ના રોજ, આપશ્રીએ નિત્યલીલાપ્રવેશ કર્યો તેના એકાદ માસ આગળ, આપશ્રી બેઠકમાં બિરાજી ક્યારેક ક્યારેક નિજજનો સમક્ષ, અંતઃકરણપ્રબોધની દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ પંક્તિ, અવારનવાર ઉચ્ચાર્યા કરતા. પણ એ સંકેત કોઈ સમજી ન શક્યું. સમજે તો યે, પ્રેમની રીત જ એવી છે, કે એ સંકેતના મર્મને સ્વીકારી લેવા, એ તૈયાર જ ન થાય.

આપશ્રીના નિજ પરિવારમાં આપશ્રીના ૩ લાલજીઓ (૧) નિ.લી.પૂ.પા.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી, (૨) પૂ.પા.ગો. શ્રીકલ્યાણરાયજી તથા (૩) પૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજી તથા ૩ બેટીજીઓ (૧)નિ.લી.શ્રીવિમલાબેટીજી, (૨) નિ.લી.શ્રીનિર્મલાબેટીજી તથા (૩)નિ.લી. શ્રીરાધિકાબેટીજી. નિ.લી.શ્રીબાલકૃષ્ણલાલજીના ૨ લાલજીઓ (૧) પૂ.પા.ગો.શ્રીગોપેશકુમારજી તથા (૨) પૂ.પા.ગો.શ્રીમુકુન્દરાયજી તથા ૨ બેટીજીઓ (૧)શ્રીવ્રજાંગનાબેટીજી, (૨) શ્રીહરિપ્રિયાબેટીજી. પૂ.પા.ગો.શ્રીકલ્યાણરાયજીના ૫ બેટીજીઓ (૧) શ્રીવનમાલાબેટીજી, (૨) શ્રીવૈજયંતીમાલાબેટીજી, (૩) શ્રીપુષ્કલાબેટીજી, (૪) શ્રીહર્ષમાલાબેટીજી, તથા (૫) શ્રીશોભાબેટીજી તથા પૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજીના ૧ લાલજી (૧) પૂ.પા.ગો.શ્રીઅનુરાગરાયજી તથા ૨ બેટીજી (૧) શ્રીદિવ્યાગંના બેટીજી, તથા (૨) શ્રીજીગિષાબેટીજી.

આ મુજબ આપશ્રીનો નિજપરિવાર છે અને તે સર્વ પોતપોતાની રીતે ઉપદેશ-સેવા વગેરે દ્વારા વૈષ્ણવજનોને કૃતાર્થ કરે છે.

આવા ક્વચિત જ પ્રગટ થતાં અલૌકિક સ્વરૂપની આ તો કેવળ રૂપરેખા છે. એના વિસ્તૃત ચરિત્રનું માત્ર આમુખ છે. વિસ્તાર તો વિસ્તૃત ચરિત્રગ્રંથમાં જ થઈ શકે.

* * *